©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 14th JULY, 2025/ASHADHA 23, 1947 [No. 3865

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

સુરત મહાનગરપાલિકા

સુચિત નગર રચના યોજના નં. ૩ (રૂંઢ) (પ્રથમ ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

અધિસુચન

નં. ટીપીડી/૧૮૦૫/૨૦૨૫.-ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૭૧ હેઠળ વેરીએશન કરવા અંગે કલમ-૪૧ની જોગવાઈઓ હેઠળ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૦૫/૨૦૨૫, તા. ૦૩-૦૭ ૨૦૨૫ થી ઠરાવ્યા મુજબ,

નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬/૨૦૨૦, તા.૧૧-૧૨-૨૦૨૦ અન્વયે માન. મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયના પત્ર નં. દ.ગુ./એસ.એમ.સી./ નરયો-૩(રૂંઢ) /વેરીડ/૪૧(૧)/૨૫૭૧, તા. ૦૨-૦૭-૨૦૨૧ થી સુચિત ટી.પી. સ્કીમ નં. ૩ (રૂંઢ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત બાબતે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ-૭૧ ની જોગવાઈઓ હેઠળ વેરિએશન કરવા સદરહું કાયદાની કલમ-૪૧(૧) હેઠળ આપેલ અનુમોદન/પરામર્શ અન્વયે રૂંઢ-ભાઠા-ભાટપોરને જોડતા તાપી નદી પર આયોજીત કન્વેશનલ બેરાજ/એપ્રોચ માટે રૂંઢ તરફે જરૂરી જમીનો પ્રાપ્ત કરવા ફાયનલ ટી.પી. સ્કીમ નં. ૩(રૂંઢ) માં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ-૭૧ ની જોગવાઈઓ હેઠળ નકશામાં ઘેરા ગુલાબી(મજન્ટા) રંગની તુટક રેખાની હદમાં આયોજન/પુનઃરચનામાં ફેરફાર કરવા માટે વેરીએશન કરવા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ની કલમ-૪૧(૨) હેઠળ ટી.પી.સ્કીમ નં. ૩(રૂંઢ) (પ્રથમ ફેરફાર) નો ઈરાદો જાહેર કરવામાં આવે છે. જે મુજબના નકશાની એક નકલ, જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, બહુમાળી બિલ્ડીંગની પાસે, નાનપુરા સુરત ખાતે રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

સહિ/- અવાચ્ય
કમિશનર
સુરત મહાનગરપાલિકા

સ્થળ : સુરત
તા. ૧૦-૦૭-૨૦૨૫

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૩-૦૭-૨૦૨૫ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ.કમિશ્નરશ્રીના તા. ૦૫-૦૮-૨૦૨૧ ના પત્ર નં. સીમીસ/૦૮/૦૩ થી વિદિત થઈ, માન. મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયના પત્ર નં. દ.ગુ./એસ.એમ.સી./નરયો-૩(રૂંઢ)/વેરીડ/૪૧(૧)/૨૫૭૧, તા. ૦૨-૦૭-૨૦૨૧ થી સુચિત ટી.પી. સ્કીમ નં. ૩ (રૂંઢ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત બાબતે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ-૭૧ ની જોગવાઈઓ હેઠળ વેરિએશન કરવા સદરહું કાયદાની કલમ-૪૧(૧) હેઠળ આપેલ અનુમોદન/પરામર્શ અન્વયે રૂંઢ-ભાઠા-ભાટપોરને જોડતા તાપી નદી પર આયોજીત કન્વેશનલ બેરાજ/એપ્રોચ માટે રૂંઢ તરફે જરૂરી જમીનો પ્રાપ્ત કરવા ફાયનલ ટી.પી. સ્કીમ નં. ૩(રૂંઢ) માં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ-૭૧ ની જોગવાઈઓ હેઠળ, ફાઈલના પત્ર વ્ય.વિ. પાના નં. ૬૧૭ પર સામેલ નકશામાં દર્શાવ્યા મુજબ ઘેરા ગુલાબી(મજન્ટા) રંગની તુટક રેખાની હદમાં આયોજન/પુનઃરચનામાં ફેરફાર કરવા વેરીએશન કરવા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) હેઠળ સુચિત ટી.પી. સ્કીમ નં. ૩(રૂંઢ) (પ્રથમ ફેરફાર) તૈયાર કરવા અન્વયે ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૦૫/૨૦૨૫ સર્વાનુમતે મંજુર

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.14 18:02:38 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot